Statement

A Thesis for the Degree of Ph.D. (Gujarati)

Title: 'A Critical Edition of Pañcadaṇḍanī Vārtā in Old Gujarati Prose (before 1682 A.D.) with a comparative study of literary works on the same theme in Sanskrit and Gujarati.'

by

Somabhai D. Parekh, M.A., M.Ed.
Oriental Institute, M.S. University of Baroda

[જૂની ગુજરાતી ગદ્યકૃતિ 'પંચદંડની વાર્તા' (ઈ.સ. ૧૬૮૨ પહેલાં)ની સમીક્ષિત વાચના — તે વિષય પર પ્રાપ્ત થતી સંસ્કૃત અને ગુજરાતીની સાહિત્યિક કૃતિઓના તુલનાત્મક અધ્યયન સહિત]

લેખક:
સોમાભાઈ ધૂ. પારેખ, એમ.એ., એમ.એડ.
પ્રાચ્યવિદ્યા મંદિર, મ.સ. યુનિવર્સિટી, વડોદરા

## Statement (આવેદન)

વિક્રમ-વિષયક વાર્તાચક્રોમાં 'પંચદંડ' અગત્યનું વાર્તાચક્ર છે. આપણા જૂના સાહિત્યમાં જે વાર્તા-વિષયો કે આખ્યાન-વિષયો

લોકપ્રિય થયા છે તે દરેકની જુદા જુદા કર્તાની, એક કરતાં વધારે કૃતિઓ પ્રાપ્ત થાય છે; એમનો તુલનાત્મક અભ્યાસ તે તે સાહિત્યપ્રકાર કે વાર્તાઓની પરંપરા, પ્રાચીન સ્વરૂપ, કથાઘટકો કે વાર્તાવસ્તુના જ માત્ર નહીં, પણ સમગ્ર સાહિત્યના વ્યાપક અભ્યાસના વિષયમાં ઉપયોગી છે. તે દૃષ્ટિએ 'પંચદંડ'ની વાર્તાઓની પરંપરા સાચવતી, અને જૂના ગુજરાતી ગદ્યની લઢણો અને અન્ય ભાષાકીય ખૂબીઓ ધરાવતી, અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત 'પંચદંડની વાર્તા' (સં. ૧૭૩૮ = ઈ.સ. ૧૬૮૨ પહેલાં)ની સમીક્ષિત વાચના સાથે, 'પંચદંડ'-વિષયક સંસ્કૃત અને ગુજરાતીમાં પ્રાપ્ત થતી કૃતિઓનું તુલનાત્મક અધ્યયન રજૂ કરવાનો આ મહાનિબંધમાં પ્રયત્ન કર્યો છે.

'પંચદંડ' વિશે આ દૃષ્ટિએ આ પહેલાં કેટલુંક કામ થયેલું છે. જર્મન વિદ્વાન પ્રો. એ. વેબરે, ઈ.સ. ૧૮૭૭માં પૂર્ણચંદ્રસૂરિના 'पञ्चदण्डछत्रप्रबन्ध'ની આવૃત્તિ પ્રસિદ્ધ કરેલી છે, પણ તેમાં કૃતિનો માત્ર મૂળ પાઠ આપેલો છે; કર્તાનું નામ, કૃતિનો રચનાસંવત કે અન્ય કૃતિઓ સાથેની તેની તુલના આપેલી નથી. પંડિત હીરાલાલ હંસરાજે, ઈ.સ. ૧૯૧૨માં પ્રસિદ્ધ કરેલ 'पञ्चदण्डात्मक विक्रमचरित्रम्'નો પાઠ એક હસ્તપ્રત પરથી તૈયાર થયેલ છે, તેમ જ તેમાં તે કૃતિના કર્તા કે રચનાસંવત આપેલ મળતાં નથી. મને પ્રાપ્ત થયેલી હસ્તપ્રતો પરથી હું નિશ્ચિત કરી શક્યો છું કે તે કૃતિ પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિની છે અને તેનો રચનાસંવત ૧૪૯૦ છે. સ્વ. ડૉ. શંકરપ્રસાદ રાવળ-સંપાદિત નરપતિકૃત 'પંચદંડની વાર્તા'નું અન્ય પ્રાપ્ત થયેલી હસ્તપ્રતો પરથી અહીં નવેસર મૂલ્યાંકન કર્યું છે. ડૉ. મંજુલાલ ર. મજમુદારે, શામળકૃત 'પંચદંડની વાર્તા'નું સંપાદન કરેલું છે, પણ તે સંપાદન શામળ પૂરતું મર્યાદિત છે. ડૉ. ભોગીલાલ સાંડેસરાએ, અજ્ઞાત કવિ-વિરચિત 'પંચદંડ ચતુષ્પદી' પ્રસિદ્ધ કરેલ છે, તેની અહીં અન્ય કૃતિઓ સાથે તુલના કરવામાં આવી છે. 'આપણું લોકવાર્તા-વિષયક પ્રાચીન સાહિત્ય' ('ઇતિહાસની કેડી', પૃ. ૧૫૩), એ ~~નિબંધમાં~~

ડૉ. સાંડેસરાએ, 'પંચદંડ'ની કેટલીક ગુજરાતી અને સંસ્કૃત કૃતિઓનો નિર્દેશ કરેલો છે, પણ ત્યાં એ સર્વની સમીક્ષાને અવકાશ ન હતો; વળી તે નિબંધમાં દર્શાવેલી છે તે ઉપરાંત, બીજી કેટલીક ગુજરાતી, સંસ્કૃત અને રાજસ્થાની રચનાઓ મેં આ મહાનિબંધ દ્વારા પ્રકાશમાં મૂકી છે.

અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (સં. ૧૬૩૮ = ઈ.સ. ૧૫૮૨)ની કૃતિ ઉપરાંત, 'પંચદંડ'વિષયક બીજી સાત રચનાઓ મળી છે. આમાંની કેટલીક પ્રગટ અને કેટલીક અપ્રગટ રચનાઓ છે. અપ્રગટ રચનાઓ શોધી કાઢવા તેમજ પ્રગટ રચનાઓનું બરોબર મૂલ્યાંકન કરવા, અનેક સ્થળોએ, સંખ્યાબંધ હસ્તપ્રતો એકત્ર કરવી પડી હતી. પ્રાચ્યવિદ્યા મંદિર (વડોદરા), ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર (અમદાવાદ), શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર (પાટણ), ગુજરાત વિદ્યાસભા (અમદાવાદ), રાજસ્થાન પુરાતત્ત્વમંદિર (જયપુર), અનૂપ સંસ્કૃત લાયબ્રેરી (બીકાનેર), ડાહીલક્ષ્મી લાયબ્રેરી (નડિયાદ), વિશ્વેશ્વરાનંદ વૈદિક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (હોશિયારપુર, પંજાબ), આત્માનંદ જૈન જ્ઞાનમંદિર (વડોદરા) આદિ હસ્તલિખિત જૈન ગ્રન્થભંડારોમાંથી તેમજ પંડિત અમૃતલાલ ભોજક (પાટણ) અને શ્રી અગરચન્દજી નાહટા (બીકાનેર), એ સજ્જનોના વ્યક્તિગત સંગ્રહોમાંથી 'પંચદંડ'વિષયક કૃતિઓની હસ્તપ્રતો આ સંશોધનકાર્ય માટે એકત્ર કરી હતી. શ્રી રમણિકરાય શ્રીપતરાય દેસાઈ પાસેથી 'પંચદંડ'ની એક પારસી ગદ્યકૃતિ (ઈ.સ. ૧૮૭૨) મળી છે. એ સર્વના અભ્યાસ અને આલોચનાના આધારે, 'પંચદંડ'ના વાર્તાચક્ર વિશેનો આ પ્રથમ તુલનાત્મક મહાનિબંધ તૈયાર થયો છે.

તે ઉપરાંત, આ બધી કૃતિઓમાંથી, ઓછાવત્તા પ્રમાણમાં અવતરણો આપ્યાં છે. આ અવતરણો કોઈ સ્થળે વાર્તાઓની પરંપરા, વાર્તાઓનું સ્વરૂપાંતર, તત્કાલીન સામાજિક અને ધાર્મિક માન્યતાઓ આદિ દર્શાવે છે; તો કોઈ સ્થળે તે તે કૃતિનું સાહિત્યિક, ભાષાકીય અને સાંસ્કૃતિક મૂલ્યાંકન કરવામાં ઉપયોગી છે. કેટલાંક અવતરણો વાર્તાસામગ્રીનું અર્થઘટન કરવામાં કામનાં છે.

'પંચદંડ'-વિષયક પ્રસ્તુત ઓગણીસ કૃતિઓના તુલનાત્મક અધ્યયનમાંથી 'પંચદંડ'ની બે પરંપરાઓ નિષ્પન્ન થાય છે: ૧. પ્રાચીન સંસ્કૃત કૃતિઓની પરંપરા; ૨. પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિની પરંપરા.

આ ઉપરાંત, આ મહાનિબંધમાં નીચેના મુદ્દાઓ પરત્વે મારું મૌલિક સંશોધન છે, એમ મારું નમ્રતાપૂર્વક નિવેદન છે.

(૧) અત્યાર સુધીમાં, પૂર્ણચન્દ્રસૂરિકૃત 'पञ्चदण्डछत्रप्रबन्ध', પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિકૃત 'पञ्चदण्डातपत्र', નરપતિકૃત 'પંચદંડની વાર્તા', અજ્ઞાત કવિ-વિરચિત 'પંચદંડ ચતુષ્પદી', રાજધરકૃત 'વિક્રમ-પ્રબંધ', પંડિત શુભશીલગણિ-રચિત 'पञ्चदण्ड छत्रकथा', શામળ-કૃત 'પંચદંડની વાર્તા', અને આ. પેશાતનજી કાવસજી-રચિત 'પંચદંડની વારતા' એ આઠ પ્રસિદ્ધ થયેલી કૃતિઓ છે, જ્યારે બાકીની અગિયાર અપ્રસિદ્ધ રચનાઓ છે. પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ ઓગણીસ રચનાઓના અધ્યયન માટે, અહીં સન્દર્ભસૂચિમાં નોંધાયેલી બત્રીસ હસ્તપ્રતોનો પ્રથમ વાર ઉપયોગ થયો છે.

(૨) અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (સં. ૧૪૬૫ પહેલાં; કૃતિ નં. ૧)થી આ. પેશાતનજી કાવસજી સુધીની 'પંચદંડ'ની કૃતિઓ અને કૃતિગત વાર્તાઓનો વિગતવાર પરિચય અને તુલનાત્મક સમીક્ષા અહીં પ્રથમ વાર થયાં છે.

(૩) લોકવાર્તાના સ્વરૂપની પશ્ચાદ્‌ભૂમાં 'પંચદંડ'ને લોકવાર્તા તરીકે મૂલવવામાં આવી છે.

(૪) વાર્તાઓનાં પ્રાચીન સ્વરૂપ, સ્વરૂપાન્તર અને રૂપાન્તરપ્રક્રિયા પ્રાચીન સંસ્કૃત કૃતિઓના સન્દર્ભમાં દર્શાવ્યાં છે.

(૫) વાર્તાઓનાં ઘટકતત્ત્વ (Motif)ના સ્વરૂપનો વિચાર પહેલી વાર કરવામાં આવ્યો છે.

(૬) આગળ કરીને જૈન કથાસાહિત્યમાં સુપ્રચલિત 'શલાકાપુરુષ' શબ્દનું શક્ય અર્થઘટન અહીં પ્રથમ વાર રજૂ કર્યું છે.

(૭) 'પંચદંડ'નાં ઘટકતત્ત્વોની વિગતવાર ચર્ચા કરી છે. ચર્ચેલાં સાત ઘટકતત્ત્વો આ પ્રમાણે છે: ૧. અદ્ભુત દંડ, ૨. અદ્ભુત આભાસો,

૩. લિંગપરિવર્તન, ૪. પરકાયાપ્રવેશ, ૫. પ્રચ્છન્ન ભ્રમણ, ૬. બોલતાં પક્ષીઓ, ૭. આકાશમાં ઉડ્ડયન.

(૮) મદુઈ દંડોમાંના પ્રત્યેકનું શક્ય સાંસ્કૃતિક અર્થઘટન કરી, તેઓના સ્વરૂપ અને નામકરણમાં થતાં ગયેલાં રૂપાન્તર પ્રથમ વાર દર્શાવ્યાં છે.

(૯) ભગવાન લકુલીશની મૂર્તિના હાથમાં જોવામાં આવતો લકુટ-દંડ 'સિદ્ધદંડ' હોવાની સંભાવના દર્શાવી છે.

(૧૦) 'પંચદંડ છત્ર' એ શીર્ષકનું અર્થઘટન આ પ્રમાણે કર્યું છે: 'पञ्चदिव्याधिवास' — ગજ, અશ્વ, કલશ, ચામર અને છત્ર — પાંચ રત્નો વડે પ્રાપ્ત કરાયેલું છત્ર; (છત્ર એટલે ચક્રવર્તીપદ).

(૧૧) મદુઈ દંડોનું શક્ય અર્થઘટન આ પ્રમાણે કર્યું છે: 'ઊડણદંડ' ચક્રવર્તીનું ચર્મરત્ન હોવાનો ઉલ્લેખ કરી, તેને પ્રાચીન ભારતીય વહાણવટાના પ્રતીક તરીકે ઘટાવ્યો છે. 'રત્નદંડ' કે 'વજ્રદંડ'ના નામે ઓળખાવેલો 'વિજયદંડ' પર્વતો તોડવા, ખાઈ ખોદવા આદિ કાર્ય માટે ઉપયોગમાં લેવાતું, પ્રાચીન સમયના ઇજનેરોનું વજ્ર (diamond) જડિત હથિયાર હોઈ શકે. 'અભયદંડ' અને રત્નમંજૂષા, વેપાર અને સમૃદ્ધિનાં ચિહ્ન હોય અને 'પ્રતાપદંડ' અથવા 'કામિકદંડ' કામધેનુની માફક, ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ કરાવનાર શક્તિનું પ્રતીક હોય એવી સંભાવના દર્શાવી છે. શત્રુઓના સૈન્યના વિષપ્રયોગથી બચાવવા ચક્રવર્તી રાજા જે વિષહર ઔષધિ કે રત્નનો ઉપયોગ કરતા હશે તેમાંથી 'વિષાપહારદંડ'ની કલ્પના વિકસી હોય એવી શક્યતા દર્શાવી છે.

(૧૨) અથર્વવેદ, યજુર્વેદ, યોગસૂત્ર, સિદ્ધયોગીઓ, સિદ્ધવિદ્યાઓ, વિદ્યાધરો, તંત્રવિદ્યા, રસવિદ્યા આદિની પરંપરાએ 'પંચદંડ'ની વાર્તાઓના ઘડતરમાં ફાળો આપ્યો છે.

(૧૩) 'પંચદંડ'ની વાર્તામાં ભૌગોલિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતાં નગર, દેશ, પ્રદેશ આદિનો વિગતવાર પરિચય આપ્યો છે.

(૧૪) પ્રો. વેબરે પ્રસિદ્ધ કરેલી 'પંચદંડ'ની સંસ્કૃત ગદ્યકૃતિના કર્તા પૂર્ણચન્દ્રસૂરિ છે, એમ પ્રથમ વાર દર્શાવ્યું છે.

(૧૫) પંડિત હીરાલાલ હંસરાજે પ્રસિદ્ધ કરેલ 'पञ्चदण्डात्मकं विक्रमचरित्रम्'

એ અજ્ઞાતકર્તૃક મનાયેલી પૂર્ણિમાગચ્છીય રામચન્દ્રસૂરિની રચના છે અને તેનો રચનાસંવત ૧૪૯૦ છે એમ વિદ્વાનોના ધ્યાન પર આણ્યું છે.

(૧૬) અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં-૧), પૂર્ણચન્દ્રસૂરિ, શુભશીલગણિ, દેવમૂર્તિ, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં-૫), અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં-૬), એ રચનાઓમાં 'પંચદંડ'ની વાર્તાઓના પ્રાચીન અંશ સારા પ્રમાણમાં સચવાયેલા છે અને તે રીતે વ્યક્ત થતી પ્રાચીન સંસ્કૃત કૃતિઓની પરંપરા મેં જુદી પાડી છે; જ્યારે રામચન્દ્રસૂરિએ 'પંચદંડ'ની વાર્તાઓનું સંસ્કરણ કર્યું અને તેઓએ નવી પરંપરા ઊભી કરી તે મેં રામચન્દ્રસૂરિની પરંપરા તરીકે ગણાવી છે. સર્વ ગુજરાતી અને રાજસ્થાની 'પંચદંડ'કારો રામચન્દ્રસૂરિની પરંપરાને અનુસરે છે, એમ મેં પ્રથમ વાર દર્શાવ્યું છે.

(૧૭) નરપતિકૃત 'પંચદંડની વાર્તા'ના રચનાસંવતની ફેરવિચારણા કરી છે.

(૧૮) રામચન્દ્રસૂરિમાં શરૂ થયેલું 'પંચદંડ'ની વાર્તાઓનું સંસ્કરણ શામળમાં પરાકાષ્ઠાએ પહોંચ્યું છે એમ, રામચન્દ્રસૂરિ, નરપતિ, અજ્ઞાત 'પંચદંડ ચતુષ્પદી'કાર અને શામળની સરખામણી દ્વારા પ્રથમ વાર દર્શાવ્યું છે.

(૧૯) વાર્તાઓમાં ઉલ્લેખાયેલી ગાંધર્વજાતિ, દક્ષિણ ચીનમાંથી સ્થળાન્તર કરી ભારતમાં આવી હોવી જોઈએ, એમ જણાવવા પ્રયત્ન કર્યો છે. 'વસુદેવ-હિંડી' અને 'હરિવંશ'માં ઉલ્લેખાયેલા સોળ વિદ્યાધરકુલ પૈકીનું 'વંશાલયા' વિદ્યાધરકુલ ગાંધર્વજાતિ સાથે સંબંધ ધરાવતું હોય, એવી શક્યતા દર્શાવી છે.

(૨૦) વાર્તાઓનું વાતાવરણ, વર્ણનો, પરંપરા, પાત્રો, કથાઘટકો આદિ દૃષ્ટિએ વિચારતાં, તે વાર્તાઓ નેપાળ, તિબેટ, કામરૂપ, પૂર્વબંગાળ વગેરે ભારતના ઈશાન ખૂણાના પ્રદેશોમાં મૂળ અસ્તિત્વમાં આવી હોય, એવી સંભાવના રજૂ કરી છે.

(૧૧) પંચદંડવિષયક કૃતિઓની વાર્તાઓનો અંતર્ગત તફાવત અહીં પ્રથમ વાર નોંધ્યો છે; અને તેનો [illegible] અભ્યાસીને ખ્યાલ આવે એ દૃષ્ટિએ પાંચેય વાર્તાઓનાં ક્રમ, વસ્તુ અને દંડનાં નામ સૂચવતો વિગતવાર તુલનાત્મક કોઠો આપ્યો છે.

Baroda
28:12:60

Somabhai D. Pareekh